॥ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથાય નમઃ ॥

"અમૃત વચન"
બહાર જગતને જોવા માટે
ઇન્દ્રિયોની જરૂર પડે
અંતર્જગતને જોવા માટે
ઇન્દ્રિયાતીત થવું પડે.

Published Day : Wednesday
Price : 2 /-

# પદ્મ પ્રકાશ કુંજ

PRESS REGISTRAR
GENERAL OF INDIA (PRGI)
Registration Number
GJGUJ/25/A2764

Annual Subscription
Price : 100 /-

Mob : 9499797973 - Email : padmaprakashkunj@gmail.com - Year : 01, Issue: 20, Dt. 18/03/2026, Page : 8

Padm PrakashKunj (Weekly) - Editor, Publisher, Printer & Owner : Doshi Saurabh Pradipbhai , Place Of Publication : Office - 1, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 364515 - Dist : Amreli Gujarat, Printed At : Prakash Printers Office 2, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 3645154 Dist : Amreli Gujarat

# ટીનેજરોની દુનિયાને તેમના માતાપિતા હજુ ઓળખતા નથી



તંત્રી સ્થાનેથી...

સૌરભ પી. દોશી
તંત્રી, પદ્મ પ્રકાશ કુંજ

હવે વેકેશનની શરૂઆત. કેટલીક પરીક્ષાઓ બાકી છે એય હમણાં પૂરી થઈ જશે. પછી આવશે કેરીની મોસમ. કેરી ખરેખર તો ખવરાવવાનું ફળ છે. પહેલા ખવરાવો ને પછી ખુદ આરોગો તો એનું માધુર્ય કંઈક ઔર જ છે. કુંડલામાં કેરીની પરખ કરનારા બહુ લોકો છે. કેરી બજારમાંથી લાવીને પેટમાં પધરાવવી એ એક વાત છે ને શોખથી રખડી, ભટકીને દાબાની ઉત્તમ જાત શોધવી એ તો રઝળપાટ કરનારા જ જાણે. ટીનેજરો આ વેકેશનમાં શું કરશે એ મોટો પ્રશ્ન છે.

આપણે ત્યાં ટીનેજર એટલે કે ઉંમર વરસ તેરથી ઓગણીસ વચ્ચેના તરૂણ - તરૂણીઓને હજુ એટલું વ્યક્તિગત પારિવારિક માન મળતું નથી જેના તેઓ હકદાર છે. માનનો અર્થ સન્માન નથી પરંતુ તેમની સ્વતંત્રતા અને તેમની આપણાથી અલગ એવી પસંદગીઓને આપણે જલદીથી માન્યતા આપતા નથી. આને કારણે એ પોતાની જ ઉંમરના એવા મિત્રો વચ્ચે વધુ સમય રહેવાનું પસંદ કરે છે જ્યાં તેમનો સંપૂર્ણ સ્વીકાર થતો હોય. આપણા દેશમાં ટીનેજર કાઉન્સેલિંગ નામની તો કોઈ વાત જ હજુ ઉદઘાટિત થઈ નથી. તેર વરસની દીકરીને એ ખ્યાલ આવી જાય છે કે હું અત્યારે જે ઘરમાં રહું છું એ તો પિતાનું ઘર છે અને જેને પોતાનું ઘર કહેવાય એ તો આ દુનિયામાં ક્યાંક બીજે છે. એ સમજે છે કે મારા મમ્મી ક્યાં એના પિતાના ઘરે રહે છે. એટલે મારે પણ ક્યાંક જવાનું તો નક્કી છે. ઉપરાંત દીકરીના પિતા સાથેના સંવાદો ઘટતા જાય છે. પિતા કઈ રીતે ઘરનો ભાર ઉપાડે છે અને મમ્મી એમને કઈરીતે મદદ કરે છે એ પણ એ જુએ છે.

ટીન-એજ અથવા ટીનેજ ઉંમરમાં આંખોમાં સપનાઓ માળો બાંધવાની શરૂઆત કરે છે. ઝવેરચંદ મેઘાણી દાદાએ તરૂણોનું મનોરાજ્ય નામે અદભુત કાવ્ય લખ્યું છે જે તેમનું મૌલિક હોવા છતાંય પ્રશિષ્ટ ભાષાનું વિરલ લોકગીત હોય એટલું ગુજરાતની શેરીએ શેરીએ લોકપ્રિય થયેલું છે. ઘટમાં ઘોડા થનગને અને આતમ વિંઝે પાંખ.... પહેલી જ પંક્તિનો ઉપાડ આપણને સાતમા આસમાને લઈ જાય છે. ભાષામાં છુપાયેલા લયહિલ્લોળનું ગુજરાતની લોકજીભે અજાયબ લીંપણ મેઘાણી સિવાય કોણ કરી શકે ? ન્હાનાલાલની ગીતરચનાઓને કાળની વાંછટ લાગી ગઈ છે, પરંતુ મેઘાણી તો એવા ને એવા... હજુય બુલંદ કંઠે આપડે હૈયે માઝમ રાતનો અમલ ઘૂંટતા હોય એમ લાગે છે ! સૌરાષ્ટ્રમાં સૌરાષ્ટ્રના સારસ્વત દેવ તરીકે ભલે એને પૂજવાનું ભાન કાઠિયાવાડીઓને હજુય સદીઓ પછી આવે, પણ સૌરાષ્ટ્ર આજ સુધી મેઘાણીમાં જે ધન્યતા પામ્યું છે તે બીજે ક્યાંય વરત્યું નથી.

કુસંગ બહુ જ આકર્ષક અને ઝડપથી પોતાની જાળમાં ફસાવવાની ક્ષમતા રાખે છે. કુસંગ એટલા રંગરંગીન લાગે છે કે તરૂણો એમાં ફસાઈ જાય છે. જે પંજાબની ખડતલ પ્રજા આખા દેશને ઘઉં ખવરાવતી હતી અને જેના યુવાનો દોડી દોડીને ઘેરઘેરથી સૈન્યમાં ભરતી થતા હતા એ પંજાબ આજે નશીલા દ્રવ્યોમાં લગભગ બેહોશ પડ્યું છે. કારણ કે તરૂણ વયના સંતાનોને - હજુ તો તેઓ નાના છે ને.... એમ માનીને વાલીઓએ ધ્યાન ન આપ્યું અને ડ્રગ માફિયાઓએ એમને ખતરનાક આદતોના ગુલામ બનાવી દીધા. જરાક જેટલી બેદરકારીમાં આખું પંજાબ આંસુઓથી ભીંજાઈ ગયું છે. પંજાબની બિયાસ, સતલજ અને જેલમ નદીઓમાં જેટલું પાણી વહે છે એટલા જ અશ્રુજળ પંજાબી વડીલોની આંખમાંથી વહેતા રહે છે. બાજી એમના હાથમાંથી સરી ગઈ છે.

## સત્સંગ અને કુસંગ બન્નેના સમાંતર પ્રવાહો મોબાઈલ ફોનના અંતસ્તલમાં વહેતા હોય છે. માતાપિતાના ઉચ્ચ સંસ્કારો અને સ્વસંકલ્પની તાકાત સિવાય એ દુર્ઘટનાઓમાંથી ટીનેજરો બચી શકે એમ નથી..

ધારો કે તમે કોઈ ટીનેજરને સલાહ આપો કે રોજ આઠ કલાક વાંચો. તો એ તમને પૂછે કે આઠ કલાક વાંચવાથી ઊંચા ટકા આવે એને શું કરવા, કારણ કે નોકરી તો મળતી નથી - તો વાલી પાસે આનો જવાબ નથી. આપડે ત્યાં મેળાઓમાં કેટલાક મધ્યમ વર્ગના છોકરાઓ બે-ચાર ભેગા થઈને સ્ટોલ લગાવે છે. ખરેખર તેઓ એની જિંદગીમાં બહુ સુખી થવાના હોય છે. કારણ કે ટીનેજમાં જેને કમાણી કરવાનો વિચાર આવે એ જ ખરો શ્રીમંત છે. આખું ગામ જે મેળામાં જલસા કરવાનું વિચારે છે ત્યારે કોઈ એકને એ મેળામાંથી બે પૈસા કમાઈ લેવાનો વિચાર આવે છે. આવા ટીનેજરો જ આગળ જતાં ઉદ્યોગપતિ બને છે. તેમણે નોકરી શોધવી પડતી નથી, નોકરીઓ સામે ચાલીને તેની પાસે આવે છે કારણ કે તેમનો હાથ કામકાજમાં વળતો થઈ ગયો હોય છે. એવા કામગરા દીકરા બોંતેર પેઢી ઉગારે છે અને રખડુ અને આળસુ ટીનેજરો બોંતેર પેઢી બોળે છે. સવાલ એ નથી કે તેઓ આવા છે ને તેવા છે, સવાલ એમને જિંદગીના નરકાગારમાંથી ઉગારવાનો છે. કારણ કે સત્સંગ જેવું સ્વર્ગ નથી ને કુસંગ જેવું કોઈ નરક નથી.

અમેરિકા અને યુરોપમાં તો સંતાનો ટીનેજર થાય એટલે કે ૧૩-૧૪ વરસની વયમાં પ્રવેશે પછી સંપૂર્ણ સ્વતંત્ર વિચારશક્તિ ધરાવતા હોય છે. વિદેશના એ ટીનેજરો વિશે આપણે ત્યાં બહુ કુપ્રચાર થયેલો છે. ખરેખર કોઈ અમેરિકાથી આવે એને પૂછવા જેવું છે. તો ખબર પડે કે પંદર વરસ પછી ત્યાં કોઈ માબાપે સંતાનો પાછળ એક ડોલર પણ ખર્ચ કરવાનો હોતો નથી કારણ કે તેઓ કમાતા થઈ જાય છે. માતાપિતા પાસેથી પૈસા લેતા અમેરિકન ટીનેજરને શરમ આવે છે ને આપણે ત્યાં તો કોઈ પણ ઉંમરે બાપના ખિસ્સામાં હાથ નાંખવાની છૂટ છે. આપણા દેશના આર્થિક પતનના કારણો માટે કાયમ અર્થશાસ્ત્રીઓની જરૂર પડે એમ નથી. આસપાસના સમાજને જુઓ એટલે ખ્યાલ આવે. અને આસપાસ જોવાની શરૂઆત પહેલા આપડા ઘરમાં જોવાથી જ કરવી પડે. એ જ ન્યાયિક માર્ગ છે. જે દેશના નાગરિકો પંદરથી પચીસ-ત્રીસ વરસ સુધી પોથી પંડિતની જેમ થોથાઓ ઉથલાવે ને કંઈ કમાણી જ ન કરે તો એ દેશ ક્યાંથી ઊંચો આવે. અને હવે તો બજાર જ એવી છે કે સંતાનો જેટલા મોડા કમાતા થાય એટલા વહેલા વાલીઓના ઘર ડૂબતા થાય.

આપડે જો ઊંચા આવવાનું હોય તો ટીનેજરોને ઊંચા આંકવા પડશે. એના વિણનું પરભાત કંઈ સોનેરી નો હોય હો...! એ જ તો બતાવશે આપડને અણદીઠેલી ભોમકા અને વણજોયેલી સુખકંદરા....!



આભાર...

સાવરકુંડલા નગરપાલિકા વોર્ડ નંબર ૯ ના સભ્ય તથા નગરપ્રમુખ તરીકેનો કાર્યકાળ પૂર્ણ થતાં
સાવરકુંડલા શહેરના વિકાસમાં સહયોગ આપનારા સૌનો હાર્દિક આભાર!

અઢી વર્ષનાં મારા પ્રમુખ પદ દરમ્યાન સાવરકુંડલાનાં સર્વાંગી વિકાસ કરવા માટે માન. ધારાસભ્યનાં માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્રમાં પ્રથમ રિવરફ્રન્ટ, ઓડીટોરીયમ હોલ, અટલ સરોવર, ૬૫૦ થી વધુ રોડ, બંને સ્મશાનનાં કામો શરૂ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ESR ટાંકી-૫ અને સંપ-૫ જેવા બીજા અનેક વિકાસના કામો કરવાની મને તક મળી.

સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નંબર ૯ માંથી ચૂંટાયેલા સભ્ય તરીકે અઢી વર્ષ અને ત્યારબાદ નગરપાલિકા પ્રમુખ તરીકે અઢી વર્ષ સુધીના પાંચ વર્ષના કાર્યકાળનો સમય પુર્ણ થયો છે. આ સમયગાળા દરમિયાન સાવરકુંડલા શહેરના વિકાસ અને નાગરિકોના કલ્યાણ માટે સમર્પિત સેવા આપવાનો અવસર મળ્યો, જેના માટે હું હૃદયપૂર્વક આભારી છું.

આ પાંચ વર્ષમાં માત્ર એક વ્યક્તિગત પદ કે જવાબદારી જ નહીં, પરંતુ સૌના સાથ-સહકાર, માર્ગદર્શન અને અમર સમર્થનથી શહેરમાં અનેક સકારાત્મક પરિવર્તનો લાવવાની તક મળી. રસ્તા, પાણી, સ્વચ્છતા, શિક્ષણ-આરોગ્ય સુવિધાઓ સહિત અનેક વિકાસકાર્યોમાં સાથે મળીને કાર્ય કરવાનું સૌભાગ્ય મળ્યું, જેણે સાવરકુંડલાને વધુ સુવ્યવસ્થિત, આધુનિક અને પ્રગતિશીલ બનાવવામાં મહત્વનું યોગદાન આપ્યું છે.

આ સફળતાના મુખ્ય આધારસ્તંભો તરીકે માનનીય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાનો હું નમ્રતાપૂર્વક આભાર વ્યક્ત કરું છું. જેમના સતત માર્ગદર્શન, સમર્થન અને વિકાસલક્ષી દ્રષ્ટિકોણથી અનેક મહત્વના પ્રોજેક્ટ્સ પૂર્ણ થયા અને શહેરને નવી ઊંચાઈઓ મળી.

માનનીય સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા જેમના સહયોગથી કેન્દ્રીય યોજનાઓ અને ભંડોળનો લાભ સાવરકુંડલા સુધી પહોંચ્યો.

ભારતીય જનતા પાર્ટીના આગેવાનો, પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ જેમણે હંમેશા પ્રોત્સાહન અને સહકાર આપ્યો. - નગરપાલિકાના સાથી સભ્યો જેમની સાથે મળીને દરેક નિર્ણય અને કાર્યને આગળ વધાર્યું.- અધિકારીઓ, કર્મચારીઓ અને સ્ટાફ જેમની મહેનત અને નિષ્ઠાથી તમામ કામગીરી સમયસર પૂર્ણ થઈ.પ્રિય મતદારો અને નાગરિકો જેમના અમર વિશ્વાસ, સહયોગ અને પ્રેમ વિના આ સફર અધૂરી રહેત.આપ સૌના સહયોગ વિના આ સિદ્ધિઓ શક્ય ન હોત. સાવરકુંડલાના વિકાસ અને નાગરિકોના ભલાઈ માટેના પ્રયાસો આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે. ફરી એક વાર આપ સૌને ખૂબ ખૂબ આભાર! જય હિંદ! જય ગુજરાત! જય સાવરકુંડલા!

આપનો સ્નેહાધીન, મેહુલ ત્રિવેદી (પ્રમુખ નગરપાલિકા, સાવરકુંડલા)

# સાવરકુંડલા તાલુકા થોરડી ગામે તેમજ જાબાળ ગામે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે ૧.૪૫ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું...

## થોરડી ગામને વિકાસની મોટી ભેટ ૨૫ લાખનું પંચાયત ઘર (નવી સચિવાલય) નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

## જાબાળ  અભરામપરા રોડ ઉપર લિબાળા નદી પર ૧.૨૦ કરોડના ખર્ચે નવા બ્રીજનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું







**■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

લિબાળા નદી ઉપર  બ્રીજ બનવાથી  જાબાળ, અભરામપરા, કૃષ્ણગઢ, મીતીયાળા, સહીત ગામોને ચોમાસા દરમિયાન પડતી મુશ્કેલીનું નિવારણ આવશે... સાવરકુંડલાલીલીયા વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ માનનીય ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના હસ્તે સાવરકુંડલા તાલુકા થોરડી ગામે તેમજ જાબાળ ગામે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે ૧.૪૫ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું...

આ પ્રસંગે થોરડી ગામે  રૂ.૨૫ લાખના ખર્ચે નવા ગ્રામ પંચાયત ઘર (સચિવાલય)ના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ નવા પંચાયત ઘરથી ગ્રામ પંચાયતના વહીવટી કાર્ય વધુ સુવ્યવસ્થિત રીતે થઈ શકશે તેમજ ગ્રામજનોને સરકારી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થશે.થોરડી ગામે નવી ગ્રામ સચિવાલય બનવાથી ગામના લોકોને વિવિધ સરકારી કામો માટે સુવિધા મળશે. તેમજ વહીવટી કામગીરી પણ સરળ અને ઝડપી બનશે.

ગ્રામ સચિવાલયમાં ગામના લોકોને વિવિધ સરકારી યોજનાઓ વિશે માહિતી મળશે અને તેઓ યોજનાઓનો લાભ મેળવી શકશે. આ ઉપરાંત, ગ્રામજનો ગ્રામ સચિવાલયમાંથી મહત્વના દસ્તાવેજો પણ મેળવી શકશે. ગ્રામ સચિવાલયની સ્થાપનાથી ગ્રામજનોના સમય અને ખર્ચની બચત થશે અને વહીવટી કાર્યક્ષમતામાં વધારો થશે. આ વિકાસ કાર્યથી ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. ગ્રામ્ય વિસ્તારના લોકો માટે વિવિધ સરકારી યોજનાઓ અને સેવાઓનો લાભ મેળવવામાં સરળતા રહે તે માટે ગ્રામ્ય કક્ષાએ ગ્રામ સચિવાલયની સ્થાપના કરવામાં આવશે.

જાબાળઅભરામપરા રોડ પર લિબાળા નદી ઉપર રૂ.૧.૨૦ કરોડના ખર્ચે ચાર ગાળા સ્પાનવાળા નવા બ્રિજના નિર્માણ કાર્યનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ બ્રિજ બનતા સ્થાનિક લોકોને વર્ષભર સરળ અને સુરક્ષિત અવરજવર સુલભ બનશે તેમજ આસપાસના ગામોના વિકાસને પણ ગતિ મળશે.આ લિબાળા નદી ઉપર  બ્રીજ બનવાથી જાબાળ,અભરામપરા,કૃષ્ણગઢ,મીતીયાળા,સહીત ગામોને ચોમાસા દરમિયાન પડતી મુશ્કેલીનું નિવારણ આવશે...આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં મૂળભૂત સુવિધાઓ મજબૂત બનાવવા માટે સતત કાર્યરત છે અને આગામી સમયમાં પણ વિસ્તારના વિકાસ માટે આવા અનેક કાર્યો હાથ ધરવામાં આવશે.

આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, ગામના સરપંચશ્રી, ગ્રામજનો અને વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલામાં ભક્તિ, સંગઠન અને રાષ્ટ્રચેતનાનો ત્રિવેણી સંગમ

# ભવ્ય હિન્દુ સંમેલન સંપન્ન

## સંતો-મહંતો અને અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિમાં પંચ પરિવર્તનનો અપાયો મંત્ર

## મેલડી ચોક જનમેદનીથી ઉભરાયો

### હિન્દુ હિન્દુ એક રહે, ભેદભાવ કો નહીં સહે ના ગુંજારવ સાથે સામાજિક સમરસતા અને પર્યાવરણ જતનના શપથ લેવાયા






**■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

સાવરકુંડલાના દેવળા ગેટ સ્થિત સર્વોદયનગરના મેલડી ચોક ખાતે શ્રી કાનજીબાપુ વસ્તી દ્વારા આયોજિત હિન્દુ સંમેલન અત્યંત ભવ્યતા અને દિવ્યતા સાથે સંપન્ન થયું હતું. સનાતન ધર્મના રક્ષણ, સાંસ્કૃતિક મૂલ્યોના સંવર્ધન અને હિન્દુ રાષ્ટ્રની ચેતનાને જાગૃત કરવાના પવિત્ર સંકલ્પ સાથે યોજાયેલા આ સંમેલનમાં સાવરકુંડલા પંથકની ધર્મપ્રેમી જનતાનો અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો.આ મંગલમય અવસરે વિવિધ આશ્રમોના પૂજ્ય સંતો-મહંતો તેમજ મુખ્ય વક્તાઓ દ્વારા રાષ્ટ્રીય ઉત્થાન માટે અત્યંત આવશ્યક એવા પંચ પરિવર્તન વિષય પર પ્રેરક ઉદબોધન કરવામાં આવ્યું હતું. વક્તાઓએ સમાજને પાંચ સ્તંભો પર કાર્ય કરવા આહ્વાન કર્યું હતું:

કુટુંબ પ્રબોધન: પરિવારમાં સંસ્કારોનું સિંચન અને ભારતીય જીવનશૈલીનો સ્વીકાર.

સામાજિક સમરસતા: જ્ઞાતિ-જાતિના ભેદભાવ ભૂલીને એક હિન્દુ તરીકે સંગઠિત થવું.

સ્વદેશી: રાષ્ટ્રના આર્થિક સ્વાવલંબન માટે સ્વદેશી વસ્તુઓનો આગ્રહ રાખવો.

પર્યાવરણ: પ્રકૃતિનું જતન, વૃક્ષારોપણ અને જળ સંચય દ્વારા ધરતીની રક્ષા.

નાગરિક કર્તવ્ય: દેશના કાયદાનું પાલન અને રાષ્ટ્ર પ્રત્યેની નૈતિક ફરજોનું વહન.

આ કાર્યક્રમ રાત્રે ૯:૦૦ કલાકથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં મેલડી ચોક મોટી સંખ્યામાં માનવમેદનીથી છલકાઈ ગયો હતો. કાર્યક્રમ દરમિયાન ભક્તિ સંગીત અને ધાર્મિક પ્રવચનોએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. હિન્દુ હિન્દુ એક રહે, ભેદભાવ કો નહીં સહે ના પ્રચંડ નાદ સાથે સમગ્ર વિસ્તાર ભક્તિમય અને દેશભક્તિના રંગે રંગાયો હતો. આ સંમેલનમાં શહેરના નામી-અનામી રાજકીય આગેવાનો, વેપારી અગ્રણીઓ અને વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ખૂબ મોટી સંખ્યામાં જોડાયા હતા, જે સમાજની અતૂટ એકતાના દર્શન કરાવતા હતા.

હિન્દુ સંમેલન સમિતિના સ્વયંસેવકો દ્વારા કાર્યક્રમનું અત્યંત શિસ્તબદ્ધ અને વ્યવસ્થિત સંચાલન કરવામાં આવ્યું હતું. શ્રી કાનજીબાપુ વસ્તી દ્વારા કરાયેલા આ ધાર્મિક અને સાંસ્કૃતિક નવતર પ્રયોગને તમામ સ્તરેથી વ્યાપક આવકાર મળ્યો હતો. કાર્યક્રમના અંતે આયોજકો દ્વારા ઉપસ્થિત રહેલા પૂજ્ય સંતો, તમામ મહાનુભાવો, પોલીસ તંત્ર, પ્રેસ-મીડિયા કર્મીઓ અને જાહેર જનતાનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.

# આયાતોલ્લાહ પછી શું? ઈરાનનું ભવિષ્ય અને વૈશ્વિક સમીકરણો



નાવલી લાઈવ

લેખક-મહેન્દ્ર બગાડા

શું અમેરિકા પાસે કોઈ ચોક્કસ બ્લુપ્રિન્ટ છે ? શું ઈરાન પાયમાલ થઈને સીરિયા જેવી અરાજકતા તરફ ધકેલાશે ? અને શું ઈઝરાયેલ ખરેખર આ જ યુદ્ધ ઈચ્છતું હતું? પરંતુ સવાલ એ છે કે, શું ઈઝરાયેલ અને અમેરિકા પાસે યુદ્ધમાંથી બહાર નીકળવા માટેની કોઈ વ્યૂહરચના છે ?

ખામીનેઈ પછીનું ઈરાન:

અસ્થિરતા કે પરિવર્તન ?જો ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામીનેઈ સત્તા પર ન રહે, તો ઈરાનનું શાસન અસ્તિત્વ ટકાવી રાખવા માટે સંઘર્ષ કરશે. ઈરાન અત્યારે ચારે બાજુથી ઘેરાયેલું છે. ખાડીના દેશો અને પશ્ચિમી દેશો ઈરાનમાં શાસન પરિવર્તન (Regime Change) ઈચ્છે છે. આ આર્થિક દબાણ અને સૈન્ય કાર્યવાહી ઈરાનને અલગ-થલગ કરી શકે છે.

ઈરાનનો આંતરિક અસંતોષ પણ એક મોટો પડકાર છે. શું જનતા શાસન સામે અવાજ ઉઠાવશે ? શું સુરક્ષા દળો બળવો ડામી દેશે ? તે જોવું રહ્યું. ઈતિહાસ સાક્ષી છે કે જયારે કોઈ વ્યવસ્થા તૂટી પડે છે, ત્યારે તે નાગરિક યુદ્ધ (Civil War) તરફ પણ દોરી શકે છે.

મધ્ય પૂર્વ અત્યારે ઈતિહાસના સૌથી ભયાનક વળાંક પર ઉભું છે. એક તરફ ઈરાનની વિશાળ સેના અને મિસાઈલ તાકાત છે, તો બીજી તરફ ઈઝરાયેલની અત્યાધુનિક ટેકનોલોજી. આ યુદ્ધમાં અમેરિકાની એન્ટ્રીએ નવા સમીકરણો સર્જ્યા છે. ખાસ કરીને અમેરિકાએ તેના એવા વિમાનો મેદાનમાં ઉતાર્યા છે જે દુશ્મનના રડારમાં આવ્યા વગર વિનાશ વેરવાની ક્ષમતા ધરાવે છે.સૈન્ય શક્તિની સરખામણી:કોણ કેટલું શક્તિશાળી ?વર્ષ ૨૦૨૬ના સૈન્ય સૂચકાંક (Global Firepower) મુજબ, ઈઝરાયેલ ૧૫મા અને ઈરાન ૧૬મા ક્રમે છે. બંને વચ્ચેની લડાઈ 'સંખ્યા vs ટેકનોલોજી' જેવી છે.

વિગતઈરાનઈઝરાયેલસક્રિય સૈનિકો~૬,૧૦,૦૦૦~૧,૭૦,૦૦૦રિઝર્વ ફોર્સ~૩,૫૦,૦૦૦~૪,૬૫,૦૦૦યુદ્ધ વિમાનો~૫૫૧ (જૂના મોડેલ વધુ)~૬૧૨ (F-35 જેવા આધુનિક)ટેન્ક~૧,૯૯૬~૧,૩૭૦ (મરકાવા-૫)મિસાઈલ તાકાત૩,૦૦૦થી વધુ બેલેસ્ટિક મિસાઈલઅત્યાધુનિક એરો અને ડેવિડ સ્લિંગ સિસ્ટમઈરાનનું જમા પાસું: ઈરાન પાસે મધ્ય પૂર્વમાં સૌથી મોટો મિસાઈલ અને ડ્રોન કાફલો છે. તેની પાસે 'ફત્તાહ' જેવી હાઈપરસોનિક મિસાઈલો છે જે અવાજ કરતા અનેકગણી ઝડપે હુમલો કરી શકે છે. ઉપરાંત, ઈરાનનું ભૌગોલિક કદ ઈઝરાયેલ કરતા ૭૪ ગણું મોટું હોવાથી તેને હરાવવું મુશ્કેલ છે.ઈઝરાયેલનું જમા પાસું: ઈઝરાયેલ પાસે વિશ્વનું સર્વશ્રેષ્ઠ એર ડિફેન્સ 'આયર્ન ડોમ' અને 'આયર્ન બીમ' (લેઝર સિસ્ટમ) છે. તેની વાયુસેના સંપૂર્ણપણે અત્યાધુનિક સ્ટીલ્થ વિમાનોથી સજ્જ છે.અમેરિકાના 'ગેમ ચેન્જર' વિમાનોઆ યુદ્ધમાં અમેરિકાએ ઈરાનની કમર તોડવા માટે તેના સૌથી ઘાતક અને નવા વિમાનો તૈનાત કર્યા છે:૧. F-22 Raptor (એફ-૨૨ રેપ્ટર): અમેરિકાએ તાજેતરમાં ઈઝરાયેલના ઓવડા એરબેઝ પર ૧૨ જેટલા F-22 વિમાનો તૈનાત કર્યા છે. આ વિશ્વનું સૌથી શક્તિશાળી 'એર સુપિરિયોરિટી' ફાઈટર છે. તે દુશ્મનના વિમાનોને દેખાય તે પહેલા જ હવામાં તોડી પાડવાની ક્ષમતા ધરાવે છે.૨. B-2 Stealth Bomber (બી-૨ સ્ટીલ્થ બોમ્બર): ઈરાનના અન્ડરગ્રાઉન્ડ પરમાણુ મથકોને તોડવા માટે અમેરિકા B-2 બોમ્બરનો ઉપયોગ કરી રહ્યું છે. આ વિમાન રડારમાં પકડાતું નથી અને વિશાળ માત્રામાં 'બંકર બસ્ટર' બોમ્બ લઈ જઈ શકે છે.૩. EA-18G Growler (ઈલેક્ટ્રોનિક વોરફેર):આ વિમાનનો ઉપયોગ ઈરાનના રડાર અને કોમ્યુનિકેશન સિસ્ટમને જામ કરવા માટે કરવામાં આવે છે. તે હુમલા પહેલા દુશ્મનને 'આંધળો' કરી દે છે.૪. F-35 Lightning II:ઈઝરાયેલ અને અમેરિકા બંને આ વિમાનનો ઉપયોગ કરી રહ્યા છે. તેની ખાસિયત એ છે કે તે યુદ્ધના મેદાનની તમામ માહિતી અન્ય વિમાનો અને કંટ્રોલ રૂમ સાથે રિયલ ટાઈમમાં શેર કરી શકે છે.ભૂતકાળની લડાઈ અને બોધપાઠ:૧૯૮૦ના ઈરાન-ઈરાક યુદ્ધમાં ઈરાને લાખો સૈનિકો ગુમાવ્યા હતા, જેના કારણે આજે તે સીધા યુદ્ધને બદલે ડ્રોન અને મિસાઈલ વોરફેર પર વધુ ભાર મૂકે છે. ૨૦૨૪ અને ૨૦૨૫માં થયેલા મિસાઈલ હુમલાઓએ સાબિત કર્યું છે કે હવે યુદ્ધ માત્ર સરહદ પર નહીં, પણ હજારો કિલોમીટર દૂર બેસીને પણ લડી શકાય છે.નિષ્કર્ષ:જો આ સંઘર્ષ લાંબો ખેંચાય, તો ઈરાન તેની સંખ્યાબળની શક્તિ વાપરશે, જ્યારે ઈઝરાયેલ અને અમેરિકા તેમની હાઈ-ટેક વાયુસેના દ્વારા ઈરાનના તેલના કુવાઓ અને પરમાણુ મથકોને નિશાન બનાવશે. આ લડાઈ માત્ર બે દેશોની નથી, પણ આધુનિક ટેકનોલોજી અને પરંપરાગત સૈન્ય તાકાત વચ્ચેની છે.

અમેરિકાની નીતિ અને ઈઝરાયેલનો દ્રષ્ટિકોણ

વોશિંગ્ટનમાં કેટલાક લોકો ઈરાનમાં લોકશાહીના પક્ષમાં છે, જ્યારે કેટલાક માને છે કે ઈરાક પર આક્રમણ જેવી ભૂલો ફરી ન થવી જોઈએ. બીજી તરફ, ઈઝરાયેલ માટે ઈરાનનો પરમાણુ કાર્યક્રમ અસ્તિત્વનો ખતરો છે. ઈઝરાયેલ માને છે કે હમાસ અને હિઝબુલ્લાહ જેવા સંગઠનો ઈરાનના ટેકાથી જ ચાલે છે, તેથી મૂળ (ઈરાન) પર પ્રહાર કરવો જરૂરી છે.

જોકે, નિષ્ણાતો માને છે કે યુદ્ધ શરૂ કરવું સહેલું છે, પણ તેને યોગ્ય રીતે પૂરું કરવું મુશ્કેલ છે. ઈઝરાયેલના સમાજમાં પણ હવે પેલેસ્ટાઈન મુદ્દે અને લાંબા યુદ્ધ સામે અસંતોષ જોવા મળી રહ્યો છે.

આગળ શું થઈ શકે ?

ઈરાનનું નબળું પડવું એ મધ્ય પૂર્વમાં સત્તાનું સંતુલન બદલી શકે છે. જો ઈરાનમાં સત્તા પરિવર્તન થાય, તો શું નવું શાસન પશ્ચિમ સાથે સંબંધો સુધારશે કે વધુ કટ્ટર બનશે ? તે હજુ સ્પષ્ટ નથી. રશિયા અને ચીન જેવા દેશો પણ આ પ્રદેશમાં પોતાનો પ્રભાવ જાળવી રાખવા ઈચ્છે છે.

ટૂંકમાં, મધ્ય પૂર્વ અત્યારે એવા વળાંક પર છે જ્યાં એક ભૂલ સમગ્ર વિશ્વને યુદ્ધની અગ્નિમાં હોમી શકે છે. આયાતોલ્લાહના યુગ પછીનું ઈરાન કેવું હશે, તે માત્ર સમય જ કહેશે.

## PLEASE BE CAREFUL

ન હિ જ્ઞાનેન સદ્દશમ પવિત્રમ મિહ વિદ્યતે ।
તત્ સ્વયંયોગ સંસિદ્ધિહકાલેનાતમની વિન્દતિ ।।
શ્રી મદ ભ.ગીતા 4/38

જ્ઞાનથી શ્રેષ્ઠ આ વિશ્વમાં કશું જ નથી હાલનો સમય પૂર્વ એશિયામાં ચાલી રહેલા યુદ્ધના ઘમાસાણ માં ખૂબ કાળજી રાખવા નો સમય છે.આપણા દિવ્ય દ્રષ્ટા ઋષિ મુનિઓ ને નિસ્વાર્થ રીતે સમગ્ર વિશ્વ ની ખૂબ જ ચિંતાઓ રહેતી.તેઓ વસુધૈવ કુટુંબકમ ની ભાવના વાળા હતા.શ્રી મદ ભાગવત પ્રથમ સ્કંધ માં મહર્ષિ વેદ વ્યાસ અને નારદજી નો સંવાદ આ બાબતે પ્રસિધ્ધ છે.નવ ગ્રહ માં સમગ્ર બ્રહ્માંડ નો ખૂબ જ ઝડપ થી પ્રવાસ કરનાર ગ્રહ ચંદ્ર ની રાશી ઉપર થી કંઈ રાશી ના જાતકે ક્યારે વિશેષ કાળજી લેવી તેનો ચિતાર આપ્યો છે.

(1) મેષ રાશી:-(અ, લ,ઈ) આ રાશી ના જાતકો એ કારતક માસ, એકમ, છઠ્ઠ,એકાદશી ની તિથિઓ, રવિવાર મઘા નક્ષત્ર,વિષ્કુંભ યોગ, બવ કરણ ના સમયે સવિશેષ કાળજી લેવી.

(2) વૃષભ રાશી:- (બ, વ, ઉ) આ રાશી ના જાતકો માટે માગશર માસ,પાંચમ,દશમ, પૂન મ ની તિથિઓ,શનિવાર,હસ્ત નક્ષત્ર અને સુકર્મા યોગ, શકુની કરણ ના સમયે પોતાની કાળજી રાખવી.

(3) મિથુન રાશી:- (ક,છ,ઘ) મિથુન રાશી ના જાતકો એ અષાઢ માસ બીજ,સાતમ,બારશ ની તિથિઓ માં સોમવાર સ્વાતિ નક્ષત્ર અને પરિઘ નામના યોગ, ચતુષ્પાદ કરણ સમયે વિશેષ સાવચેતી રાખવા વિનંતી છે.

(4) કર્ક રાશી:- (ડ, હ)આ રાશી ના લોકોને માટે પોષ મહિનો, બીજ,સાતમ,બારશ ની તિથિઓ,બુધવાર નો દિવસ,અનુરાધા નક્ષત્ર અને વ્યાઘાત યોગ, નાગ કરણ ના સમયે પોતાની વિશેષ કાળજી રાખવી

(5) સિંહ રાશી:-(મ, ટ) સિંહ રાશી ના જાતકો માટે જેઠ માસ,શનિવાર,મૂળ નક્ષત્ર,ધૃતિ યોગ અને બવ કરણ ના સમયે પોતાની વિશેષ કાળજી રાખવી.

(6) કન્યા રાશી:- (પ, ઠ,ણ) કન્યા રાશી ના લોકો માટે ભાદરવો મહિનો,પાંચમ,દશમ પૂનમ ની તિથિઓ શનિવાર,શ્રવણ નક્ષત્ર,શૂળ નામના યોગ અને કૌલવ કરણ ના સમય દરમિયાન પોતાની વિશેષ કાળજી રાખવી.

(7) તુલા રાશી:-(ર,ત)તુલા રાશી ના વ્યક્તિઓ માટે મહા મહિનો,ચોથ,નવમ,ચૌદશ ની તિથિઓ,ગુરુવાર શતતાર નક્ષત્ર,શુક્લ નામના યોગ તેઈતિલ નામના કરણ માં વિશેષ કાળજી રાખવી.

(8) વૃશ્ચિક રાશી:-(ન, ય) વૃશ્ચિક રાશી ના જાતકો માટે આસો માસ,એકમ,છઠ્ઠ,એકાદશી ની તિથિઓ, શુક્રવાર,રેવતી નક્ષત્ર,વ્યતિપાત નામનો યોગ અને ગર કરણ કાળજી લેવા નો સમય ગણાય છે.

(9) ધન રાશી:-( ભ,ધ,ફ,ઢ) ધન રાશી ના જાતકો માટે ત્રીજ,આઠમ,તેરશ ની તિથિઓ,શુક્રવાર,ભરણી નક્ષત્ર વજ્ર યોગ અને તેઈતિલ નામના કરણ ના સમય ને શાંતિ થી પસાર કરવા વિનંતી છે

(10) મકર રાશી:-( ખ,જ) મકર રાશી માટે વૈશાખ મહિનો,ચોથ,નોમ, ચૌદ શ ની તિથિઓ,મંગળવાર રોહિણી નક્ષત્ર વૈધૃતી યોગ શકુની કરણ કાળજી રાખવા નો સમય છે.

(11) કુંભ રાશી:-(ગ, શ, સ) કુંભ રાશી ના જાતકો માટે હાલ માં ચાલતો ચૈત્ર માસ ત્રીજ,આઠમ,તેરશ ની તિથિઓ ગુરુવાર આર્દ્રા નક્ષત્ર, ગંડ યોગ અને કિસ્તુઘ્ન કરણ ના સમયે પોતાની વિશેષ કાળજી રાખવી.

(12) મીન રાશી:- (દ, ચ, ઝ,થ) રાશી ચક્ર ની છેલ્લી રાશી મીન રાશી માટે ફાગણ માસ પાંચમ,દશમ પૂનમ આશ્લેષા નક્ષત્ર વજ્ર યોગ અને ચતુષ્પાદ કરણ કાળજી લેવા નો સમય છે.

શાસ્ત્ર માં આ બાબત ને ઘાતચક્ર ના નામ થી પ્રસિધ્ધ કરાયેલ છે.

આથી દરેક રાશી ના જાતકો ને સમગ્ર જીવનમાં માં કયો માસ, કંઈ તિથિઓ, કયો વાર કયું નક્ષત્ર,કયો યોગ અને કરણ માં પોતાની વિશેષ કાળજી રાખવી જોઈએ તેનો ખ્યાલ આપવા માં આવ્યો છે. આપણું પંચાગ ખૂબ જ એડવાન્સ માં તમામ નક્ષત્ર,યોગ,કરણ ની જાણકારી આપે જ છે. ।।આ ઉદાત ભાવના સાથે દરેક નું જીવન ખૂબ ખૂબ સુખી થાય,તંદુરસ્ત બને તેવી શુભકામનાઓ.

શુભમ ભવતુ

**શાસ્ત્રી શ્રી**
**ઘનશ્યામભાઈ ત્રિવેદી**
MA (સંસ્કૃત) MA (એસ્ટ્રોલોજી)
(શ્રીમદ ભાગવત કર્મકાંડ અને
જ્યોતિષાચાર્ય માર્ગદર્શક) (વૈદિક સત્ કાર્ય ના સંવાહક)
મો.94264 84288, મો. 63536 03800
સાવરકુંડલા/ભાવનગર/બરોડા.



## જો સગીર વયના (૧૮ વર્ષથી નીચે) બાળકો વાહન ચલાવતા હોય તો જાણો તેના માટે નવો મોટર વિહિકલ એક્ટ (૨૦૧૯) શુ કહે છે ???



કાયદાની કલમે...
નિલેશભાઈ એન. ચૌહાણ
એડ્વોકેટ, ગુજરાત હાઈકોર્ટ (M.Com, LL.B.)

આજે સગીરો ને વાહન આપવું એ જાણે એક સ્ટેટ્સ બની ગયું છે.

બજાર માં બાળકો દ્વારા ચલાવતા વાહનો બાળક માટે અને અન્ય માટે ઘણીવાર જીવલેણ પણ બની શકે છે.

આપણે છાશવારે આવા અકસ્માતો ના સાક્ષી પણ બનીએ છીએ. મોટા શહેરોમાં સગીર દ્વારા હિટ એન્ડ રન અને રોડ રેજ ની ઘટનાઓ થી પણ આપણે વાકેફ છીએ.જેમાં કેટલાય પરિવારો ઉજડી જાય છે.

મોટર વ્હીકલ એક્ટ (સુધારા) ૨૦૧૯ મુજબ, સગીર વયના બાળકો (૧૮ વર્ષથી ઓછી ઉંમરના) જો વાહન ચલાવતા પકડાય, તો તેના માટે અત્યંત કડક જોગવાઈઓ કરવામાં આવી છે. આ માટે ખાસ કલમ ૧૯૯ (A) ઉમેરવામાં આવી છે.

મુખ્ય દંડ અને સજાની વિગતો નીચે મુજબ છે:

૧. વાલી અથવા વાહન માલિક પર દંડ અને જેલજો સગીર બાળક વાહન ચલાવતા પકડાય, તો તેના માટે બાળક નહીં પરંતુ તેના વાલી (માતા-પિતા) અથવા વાહન માલિક જવાબદાર ગણાય છે:

* દંડ: ૨૫,૦૦૦ (પચ્ચીસ હજાર રૂપિયા).

*જેલની સજા: વાલી અથવા માલિકને *૩ વર્ષ સુધીની કેદ* થઈ શકે છે.

૨. સગીર બાળક માટે સજા

* લાયસન્સ પર પ્રતિબંધ: તે બાળક ૨૫ વર્ષની ઉંમર ન થાય ત્યાં સુધી ડ્રાઈવિંગ લાયસન્સ* (કે લર્નિંગ લાયસન્સ) મેળવવા માટે હકદાર રહેશે નહીં.

*જુવેનાઈલ જસ્ટિસ એક્ટ: બાળકની વિરુદ્ધ 'જુવેનાઈલ જસ્ટિસ એક્ટ' હેઠળ કેસ ચલાવવામાં આવી શકે છે.

૩. વાહન સંબંધિત કાર્યવાહી

* રજિસ્ટ્રેશન કેન્સલ: જે વાહન સગીર ચલાવતો હોય, તે વાહનનું રજીસ્ટ્રેશન (RC) ૧૨ મહિના (૧ વર્ષ) માટે રદ કરી દેવામાં આવે છે.

*૧૬ વર્ષની વયના બાળકો માટે છૂટછાટ: ૧૬ થી ૧૮ વર્ષના બાળકો માત્ર ૫૦ સીસી (50cc) થી ઓછી ક્ષમતાવાળા અને ગિયર વગરના ટુ-વ્હીલર ચલાવી શકે છે, તે પણ જો તેમની પાસે વેલિડ લર્નિંગ લાયસન્સ હોય તો જ.

જોકે, હાલમાં માર્કેટમાં મળતા મોટાભાગના એક્ટિવા કે બાઈક ૧૦૦ સીસીથી ઉપરના હોય છે, જે તેમના માટે ગેરકાયદે છે.

વાલીઓ માટે ખાસ સૂચના:

૧. બાળકોને હોંશમાં આવીને કે પ્રેમમાં પડીને વહેલા વાહન ન આપો.

૨. તમારી એક નાની ભૂલ તમને જેલના સળિયા પાછળ ધકેલી શકે છે અને તમારા બાળકનું ભવિષ્ય જોખમમાં મૂકી શકે છે.



### સાવરકુંડલાની સુખાકારીનો સૂર્યોદય

# ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના ભગીરથી પ્રયાસોથી શહેરની તરસ છિપાશે

### સાવરકુંડલાને મળ્યો કાયમી પાણીનો સ્ત્રોત, ૧૦.૩૧ કરોડ CFT પાણી શેલ દેદુમલ માં શહેર માટે અનામત- ઐતિહાસિક નિર્ણય

■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

**૧૦૦૦ ફૂટ ઊંડા ક્ષારયુક્ત પાણીથી મુક્તિ, હવે ઘરે-ઘરે પહોંચશે શુદ્ધ જળ - કસવાલા ના વિઝન ને સાર્વત્રિક આવકાર**

**સાવરકુંડલા માટે જળ સુરક્ષાનો માસ્ટરપ્લાન: ઉનાળામાં પાણીની અછત હવે ભૂતકાળ બનશે**

સાવરકુંડલા ના શેલ દેદુમલ ડેમમાંથી હવે રોજનું ૮૦ લાખ લિટર પાણી મળશે પીવાના ઉપયોગ માટે મળશે આ ઐતિહાસિક નિર્ણય છે સાવરકુંડલાને મળ્યો કાયમી પાણીનો સ્ત્રોત, ૧૦.૩૧ કરોડ CFT પાણી શહેર માટે અનામત રાખવા નો નિર્ણય કર્યો છે .રાજ્ય સરકાર દ્વારા સાવરકુંડલા શહેર માટે એક સીમાચિહ્નરૂપ નિર્ણય લેવામાં આવ્યો છે. મહેશભાઈ કસવાળાની દીર્ઘદ્રષ્ટિ અને સતત રજૂઆતોને સફળતા મળી છે. હવે શહેરને દરરોજ ૮ MLD એટલે કે ૮૦ લાખ લિટર પાણી શેલ દેદુમલ ડેમમાંથી ફાળવવામાં આવશે.

આ નિર્ણયથી શહેરની પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે.કસવાળાનું વિઝનના પરિણામે ૧૦૦૦ ફૂટ ઊંડા ક્ષારયુક્ત પાણીથી મુક્તિ, હવે ઘરે-ઘરે પહોંચશે શુદ્ધ જળસાવરકુંડલાના નાગરિકો અત્યાર સુધી ૧૦૦૦ ફૂટ ઊંડા બોરના હાઈ TDS (ક્ષારયુક્ત) પાણી પીવા મજબૂર હતા, જે સ્વાસ્થ્ય માટે હાનિકારક હતું.

મહેશભાઈ કસવાળાએ જનતાની આ પાયાની જરૂરિયાતને સમજીને ડેમનું શુદ્ધ પાણી અપાવવા માટે સરકારમાં મજબૂત રજૂઆત કરી હતી, જેના પરિણામે હવે નાગરિકોને ગુણવત્તાયુક્ત પાણી ઉપલબ્ધ થશે. ગામડાઓ ની સાથે શહેર નો પણ જળ સુરક્ષાનો માસ્ટરપ્લાન તૈયાર કરી ઉનાળામાં પાણીની અછત હવે ભૂતકાળ બનશે તેમાં કોઈ શંકા નથી .દર વર્ષે ઉનાળો આવતા જ સાવરકુંડલામાં પાણીની જે વિકટ સ્થિતિ સર્જાતી હતી, તેનું હવે કાયમી નિરાકરણ આવી ગયું છે.

વાર્ષિક ૨૯૨ કરોડ લિટર પાણીના જથ્થાના અનામત રાખવાના નિર્ણયથી ઉનાળાના આકરા દિવસોમાં પણ શહેરના જળાશયો છલકાયેલા રહેશે અને ગૃહિણીઓને પાણી માટે ભટકવું નહીં પડે.સંવેદનશીલ સરકાર અને સક્રિય ધારાસભ્યનો સમન્વય ના કારણે વિકાસના નવા દ્વાર ખુલ્યાઆ ઐતિહાસિક નિર્ણય બદલ ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ પણ મુખ્યમંત્રીશ્રી અને જળસંપત્તિ મંત્રીશ્રીનો આભાર માન્યો છે. "જનતાની સુખાકારી એ જ અમારો સંકલ્પ છે" તેવા સૂત્ર સાથે થયેલા આ કાર્યથી સમગ્ર સાવરકુંડલા પંથકમાં ખુશીની લહેર પ્રસરી ગઈછે.

# મોટરકારની નવી સિરીઝ માટે અમરેલી એ.આર.ટી.ઓ દ્વારા ઈ-ઓકશન પ્રક્રિયા

■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

અમરેલી, તા.૧૬ માર્ચ, ૨૦૨૬ (સોમવાર) - અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા મોટરકારનવી સિરીઝ GJ 14 BD, BL, BG, 0001-9999 ઈ-ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ-ઓકશન માટે ઓનલાઈન અરજી તા. ૧૮ માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજે ૦૪ વાગ્યાથી તા.૨૦ માર્ચ, ૨૦૨૬ના સાંજે ૪ વાગ્યા સુધીમાં થઇ શકશે. બિડિંગ સમયગાળો તા.૨૦ માર્ચ, ૨૦૨૬ સાંજે ૦૪ કલાકથી તા.૨૨ માર્ચ, ૨૦૨૬ સાંજે ૦૪ કલાક સુધી રહેશે. ઈ-ઓકશનનું પરિણામ તા.૨૨ માર્ચ,૨૦૨૬ એ જાહેર થશે.

ઓનલાઈન ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan.gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી,ચૂકવણું કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.

વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે.

આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલા દરે ઓનલાઈન ઈ-ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન-૫ (પાંચ) માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ-મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવી.

ઈ-ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટ્યુબમાં ઈ-ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ, અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

# સાવરકુંડલાની દીકરીએ મહિલા દિવસ નિમિત્તે એવોર્ડ પ્રાપ્ત કરી ગૌરવ વધાર્યું

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

વિશ્વ મહિલા દિવસ 8 માર્ચ 2026 ની ઉજવણી થઈ હતી જેમાં મૂળ સાવરકુંડલા ના નિવાસી અને હાલ અંકલેશ્વર સ્થિત પ્રખર ટેકનોક્રેટ અને પર્યાવરણવાદી પ્રવીણ શેઠના જયેષ્ઠ દીકરી જિજ્ઞાસા એ. મહેતાને વિશ્વ મહિલા દિવસ નિમિત્તે એવોર્ડ એનાયત થયો હતો જે દરેક યુવતીઓ માટે દીકરીઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા હતા.




# એ.આર.ટી.ઓ કચેરી ખાતે અન અધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ

અમરેલી તા. ૧૨ માર્ચ, ૨૦૨૬ (ગુરૂવાર) - અમરેલી સ્થિત સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ખાતે વ્યાજબી કામ સિવાય આવેલા તમામ અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી, જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલા ઈસમોના પ્રવેશ પર પ્રતિબંધ ફરવામતું જાહેરનામું અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ની જોગવાઈઓ હેઠળ બહાર પાડવામાં આવ્યું છે.આ હુકમ ભંગ કરનાર સામે કાનૂની કાર્યવાહી થશે તથા તે સજાપાત્ર ઠરશે. આ હુકમ અન્વયે ફરજ પરનાર સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૩) કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા એ.આર.ટી.ઓ કચેરીના કર્મચારી તથા જિલ્લાના કોઈ પણ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમ સામે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે. આ હુકમ તા. ૦૯/૦૫/૨૦૨૬ સુધી અમલી રહેશે.

# ભારત સરકાર દ્વારા રવિ માર્કેટિંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત ઘઉંની ટેકાના ભાવે સીધી ખરીદી માટે મુદતમાં વધારો

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અમરેલી તા.૧૬ માર્ચ,૨૦૨૬ (સોમવાર) - કેન્દ્ર સરકાર દ્વારા રવિ માર્કેટિંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત ટેકાના ભાવે ઘઉંની ખરીદી માટે રૂ. ૨,૫૮૫ પ્રતિ ક્વિન્ટલ ભાવ જાહેર કરવામાં આવ્યો છે. રવિ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત લઘુતમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. મારફત કરવામાં આવશે. લઘુતમ ટેકાના ભાવે ઘઉંના વેચાણ માટે ખેડૂતોએ તા. ૨૭.૦૩.૨૦૨૬ સુધીમાં વી.સી.ઈ મારફતે ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. નોંધણી બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા કરવી જરૂરી છે. આધારકાર્ડની નકલ, અદ્યતન ગામ નમુનો ૭-૧૨,૮-અ તેમજ પાકની વાવણી અંગેની એન્ટ્રી ન થઈ હોય તો તલાટીના સહી સિક્કાવાળો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત, બેંક પાસબુક ઝેરોક્ષ નકલ અથવા કેન્સલ ચેકની નકલ સહિતના પુરાવા નોંધણી સમયે સાથે લાવવાના રહેશે. ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને એસ.એમ.એસ મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે.

ખરીદી સમયે ખેડૂતોએ આધારકાર્ડ સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદવામાં આવશે. જરૂરી માર્ગદર્શન માટે હેલ્પલાઈન નં. ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે તેમ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી.અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

**ખેડૂતોએ તા. ૨૭ માર્ચ,૨૦૨૬ સુધીમાં વી.સી.ઈ મારફતે ઓનલાઈન નોંધણી કરવાની રહેશે**

# જિલ્લામાં 'નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ' અંતર્ગત FLNAT પરીક્ષા ઉત્સાહભેર સંપન્ન કુલ ૧,૯૭૪ પરીક્ષાર્થીઓ નોંધાયા





■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અમરેલી તા.૧૬ માર્ચ,૨૦૨૬ (સોમવાર) - તાજેતરમાં ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા અમલી 'નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ' (Ullhas) અંતર્ગત નિરક્ષર વ્યક્તિઓને પાયાનું શિક્ષણ આપવા માટે સમગ્ર દેશમાં પાયાની સાક્ષરતા અને સંખ્યા જ્ઞાન કસોટી (FLNAT) યોજવામાં આવી હતી. આ જ કડીમાં અમરેલી જિલ્લામાં પણ તા. ૧૫/૦૩/૨૦૨૬ના રોજ કુલ ૩૨૨ કેન્દ્રો પર આ પરીક્ષાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં કુલ ૧,૯૭૪ પરીક્ષાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ દ્વારા અમરેલી શહેરની જેસીંગપરા કન્યાશાળામાં કાર્યરત પરીક્ષા કેન્દ્રની રૂબરૂ લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન તેમણે પરીક્ષાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો અને સાક્ષરતા અભિયાનની પ્રગતિ અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ પરીક્ષાના સફળ સંચાલન માટે જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી એમ. બી. ગોહિલ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી કે. વી. મિયાણીના સીધા માર્ગદર્શન હેઠળ ઝીણવટભર્યું આયોજન કરવામાં આવ્યું હતું.

તાલુકા કક્ષાએ સંપૂર્ણ સંકલનની જવાબદારી તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ અને બી.આર.સી. કો-ઓર્ડિનેટરશ્રીઓ દ્વારા સુપેરે નિભાવવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લાના તમામ સી.આર.સી. કો-ઓર્ડિનેટરશ્રીઓએ પણ સક્રિય ઉમદા સહકાર પૂરો પાડ્યો હતો. શાળા કક્ષાએ આચાર્યશ્રીઓ અને શિક્ષકો દ્વારા ગામડાઓમાં કરવામાં આવેલી મહેનત અને જનજાગૃતિના પરિણામે મોટી સંખ્યામાં વડીલો અને નિરક્ષર ભાઈ-બહેનો આ પરીક્ષામાં જોડાયા હતા. નાયબ જિલ્લા નિરંતર શિક્ષણ અધિકારી શ્રી જી. એમ. સોલંકી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી રહેલી તૈયારીઓ આ સફળ પરિણામ સાથે રંગ લાવી છે. અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને શિક્ષણ વિભાગની આ સંયુક્ત મહેનત જિલ્લાને સંપૂર્ણ સાક્ષરતા તરફ લઈ જવામાં મહત્વનું પગલું સાબિત થઈ છે.

# અમરેલી જિલ્લામાં હોટલ-સંસ્થાઓને પાઈપલાઈન (PNG) ગેસ અપનાવવા અનુરોધ

## PNGના નવા કનેક્શન મેળવા માટે માટે ગુજરાત ગેસની કચેરીનો સંપર્ક કરવો

અમરેલી તા.૧૬ માર્ચ, ૨૦૨૬ (સોમવાર) - પ્રવર્તમાન પરિસ્થિતિમાં ઘરેલુ LPGનો જથ્થો જળવાઈ રહે તેમજ જાહેર જનતાને કોઈ અગવડતા ન પડે તે ધ્યાનમાં રાખીને અમરેલી જિલ્લામાં અમરેલી, સાવરકુંડલા, લાઠી, દામનગર, રાજુલા અને લીલીયામાં આવેલી વિવિધ હોટલ્સ અને રેસ્ટોરન્ટ, શૈક્ષણિક સંસ્થાઓ, છાત્રાલયો, વૃદ્ધાશ્રમો, અનાથાલય અને અન્ય સંસ્થાઓને આગામી સમયમાં PNG (ગુજરાત ગેસ)ના કનેક્શન લેવા માટે અપીલ કરવામાં આવી છે. PNGના નવા કનેક્શન મેળવા માટે અમરેલી ખાતે સિવિલ હોસ્પિટલ રોડ ઉપર પરેશ આચાર્યની ઓફિસ ઉપર ગુજરાત ગેસ લિ.ની કચેરી, સાવરકુંડલા ખાતે ૧૬ - ભાવના સોસાયટી, કબીર ટેકરી આશ્રમની બાજુમાં સાવરકુંડલા, તથા રાજુલા ખાતે શિક્ષક સોસાયટી, છતડીયા રોડે, કૈલાશ ડેરીવાળી શેરીમાં રાજુલા મો.નં. ૭૫૭૪૯ ૫૦૫૧૭ ખાતે સંપર્ક સંપર્ક કરવાનો રહેશે. વધુ માહિતી માટે ફોન નં. ૦૨૭૯૨-૨૨૨૨૦૦ (સવારે ૯:૩૦ થી સાંજે ૬:૩૦) તેમજ કસ્ટમર કેર નં. ૧૮૦૦-૧૨૩-૬૦૦૦ (સવારે ૮:૦૦ થી સાંજે ૮:૦૦) પર સંપર્ક કરવા જિલ્લા પુરવઠા અધિકારીશ્રી અમરેલીની એક યાદીમાં જણાવ્યું છે.

**પ્રવર્તમાન પરિસ્થિતિમાં ઘરેલુ LPGનો જથ્થો જળવાઈ રહે તેમજ જાહેર જનતાને કોઈ અગવડતા ન પડે તે માટે તંત્રની અપીલ**

# સાવરકુંડલાના ભદ્રાક્ષ રવિયા એ રાષ્ટ્રીય સ્તરે ગૌરવ વધાર્યું



આપણે ત્યાં કહેવાય છે કે જીવનનો એક પણ પ્રશ્ન એવો નથી જેમનો ઉત્તર શ્રીમદ ભગવત ગીતામાં ન હોય અને હવે તો અભ્યાસક્રમોમાં પણ શ્રીમદ ભગવત ગીતા ઉમેરવામાં આવી છે ત્યારે અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેરના ભદ્રાક્ષ રવિયા એ રાષ્ટ્રીય સ્તરે શ્રીમદ ભગવત ગીતા કંઠસ્થ સ્પર્ધામાં નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

# સિંહો માટે 250 પાણીના પોઈન્ટ

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા



કાળઝાળ ગરમીની શરૂવાત થઈ ગઈ છે અને આપણે ત્યાં કહેવાય છે કે જળ એ જીવન છે માણસ પશુ માટે અને ખાસ જીવન માટે જીવવા માટે પાણી નું ખૂબ જ મહત્વ છે ત્યારે અંગ દઝાડતી ગરમી વચ્ચે અમરેલી જિલ્લાના ધારી ગીર પૂર્વ વન વિભાગ દ્વારા સિંહો અને અન્ય વન્યપ્રાણીઓ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. ડિવિઝન હેઠળ આવતી 8 રેન્જમાં 250 જેટલા પીવાના પાણીના પોઈન્ટ ઊભા કરવામાં આવ્યા છે.આ વ્યવસ્થા ધારી ગીર પૂર્વ ડિવિઝનની ખાંભા તુલસીશ્યામ, દલખાણીયા, હડાળા, પાણીયા પોઈન્ટ, સરસિયા, સાવરકુંડલા, જસધાર અને આંબરડી પ્રવાસન રેન્જ સહિતના વિસ્તારોમાં કરવામાં આવી છે. કેટલાક પોઈન્ટ પર પવનચક્કી દ્વારા પાણી ભરવામાં આવે છે, જ્યારે મોટાભાગના પોઈન્ટ પર ટેન્કર મારફતે પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. આ પોઈન્ટ્સ ગીર જંગલ અને રેવન્યુ વિસ્તાર બંનેમાં કાર્યરત છે.

# સાવરકુંડલા તાલુકાના મેરીયાણાની પ્રાથમિક શાળામાં AURA SCIENCE નો કાર્યક્રમ યોજાયો

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર DIYA SK GRUPડીવાઇન ઇન્ડીયા યુથ એસોશિયન આયોજિત "મેરીયાણા પ્રા.શાળામાં"ત્રિવેણી સંગમ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.જનજાગૃતિ..સારી વર્તુણક.. તેમજ AURA SCIENCE.વ્યસનમુક્તિ નો કાર્યક્રમ યોજાયો હતો.મેરિયાણા પ્રા. શાળા. તા. સાવર કુંડલા"ની અંદર જનજાગૃતિ અભિયાન અંતર્ગત ગોષ્ઠી કરવામાં આવી. જેમાં વ્યસન મુક્તિ આહારવિહાર તેમજ AURA સાયન્સ , યોગ વિશે , પોઝીટીવ થીંકીંગ તેમજ વિચાર વિજ્ઞાન,તેમજ અન્ય વિષય પર વિચારવિમર્શ કરવામાં આવ્યો.તેમજ વિદ્યાર્થીઓના મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.આચાર્ય શ્રી ગુણવંતભાઈ વાળા તેમજ શિક્ષકો દ્વારા ગાયત્રી પરિવારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો. તેમજ આગામી દિવસોમાં અન્ય કાર્યક્રમ કરવાનું સૂચન કરવામાં આવ્યું.તમામ કાર્યક્રમનું સંચાલન DIYA SK GRUP ના મેમ્બર વિપુલ ભાઈ બોરીસાગર કન્વીનરદ્વારા કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નયનભાઈ પાઠક તેમજ મીરાબેન જોષી અને નીતીબેન દેસાણી દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.ગાયત્રી પરિવાર દ્વારા શાળા તેમજ શિક્ષકો નો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.





# સાવરકુંડલાની કન્યાશાળાની વિદ્યાર્થીનીઓને અમૃત સરોવર અને સ્પોર્ટ સંકુલની વિઝીટ કરાવવામાં આવી...

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા



તારીખ 14 માર્ચ 2026 ને શનિવારના રોજ શ્રી બ્રાન્ચ શાળા નંબર 2 કન્યાશાળા સાવરકુંડલા ની ધોરણ 5 થી 8 ની 170 બાળાઓને સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ શ્રી મેહુલભાઈ ત્રિવેદી અને તેમની સમગ્ર ટીમ દ્વારા અટલ અમૃત સરોવર, સ્પોર્ટ્સ સંકુલ ની એક્સપોજલ વિઝીટ કરાવવામાં આવી હતી. તેમના તરફ થી વાહન વ્યવસ્થા કરવામાં આવી હતી અને સંકુલ ખાતે નાસ્તા ની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી વિઝિટ માં સાથે રહેલ તમામ શાળા સ્ટાફ તેમજ આચાર્યશ્રી એ તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. અને બાળકો પણ પ્રસન્ન થયા હતા.



# સાવરકુંડલાની શ્રી સરસ્વતી વિદ્યામંદિર ખાતે ત્રિવેણી સંગમ કાર્યક્રમનું આયોજન થયું...





સાવરકુંડલાની શ્રી સર્વેશ્વર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત - શ્રી સરસ્વતી વિદ્યા મંદિર, ગિરધરવાવ ખાતે ત્રિવેણી સંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ, વિશ્વ ગ્રાહક સુરક્ષા દિનની ઉજવણી અને વાલી મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું. ઈનામ વિતરણ કાર્યક્રમમાં સાવરકુંડલા તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી જે. કે. સરવૈયા, બીઆરસી શ્રી તુષારભાઈ જાની આશીર્વચન આપવા હાજર રહ્યા હતા. ત્યારબાદ બહોળી સંખ્યામાં પધારેલ વાલીગણને ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ શ્રી રમેશભાઈ હિરાણી દ્વારા વર્તમાન સમયમાં એક ગ્રાહક તરીકે કેવી સાવચેતી રાખવી જરૂરી છે તથા તમામ ભેળસેળથી કઈ રીતે બચવું - તે વિશે માહિતી આપવામાં આવી અને વાલીઓને જાગૃત કરવામાં આવ્યા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યા શ્રી દક્ષાબેન સરવૈયા દ્વારા કરવામાં આવ્યું.

આ સફળ કાર્યક્રમ માટે શાળાના ટ્રસ્ટીગણ શ્રી ભીખાલાલ આંકોલીયા, શ્રી તુષારભાઈ બગડીયા, શ્રી શૈલેષભાઈ રવિયા, શ્રી ડી. કે. પટેલ તથા માર્ગદર્શક શ્રી સંજયભાઈ કામળિયા અને ડાયરેક્ટર શ્રી ભૌતિકભાઈ સુહાગીયા તરફથી સહયોગ મળ્યો હતો. તે બદલ તમામ શાળા સ્ટાફ વતી આચાર્યા શ્રી દક્ષાબેને બધા મહાનુભાવોનો આભાર માન્યો હતો.

# પદ્મપ્રકાશકુંજના તંત્રીની હેલ્થ વિશે ખ્યાતનામ સુપર સ્પેશ્યાલીસ્ટો સાથે ની વિશેષ વાતચીત : કાયાત્મક અને વ્યક્તિગત ચિકિત્સા - આધુનિક આરોગ્યવિજ્ઞાનનું ભવિષ્ય

આજના સમયમાં આરોગ્યવિજ્ઞાન ઝડપી પરિવર્તનના સમયમાંથી પસાર થઈ રહ્યું છે. વિશ્વભરમાં ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, થાઇરોઇડ ડિસઓર્ડર, માઇગ્રેન, ડિપ્રેશન, હોર્મોનલ અસંતુલન, ઇન્ફર્ટિલિટી અને ઓટોઇમ્યુન રોગો જેવી લાંબા ગાળાની બીમારીઓ વધતી જઈ રહી છે. ઘણી વખત દર્દીઓ વર્ષો સુધી સારવાર લેતા હોવા છતાં સંપૂર્ણ આરોગ્ય પ્રાપ્ત કરી શકતા નથી.

આવા સમયમાં કાયાત્મક ચિકિત્સા (Functional Medicine) અને વ્યક્તિગત ચિકિત્સા (Personalised Medicine) જેવી આધુનિક વિચારધારાઓ આરોગ્યસેવામાં મહત્વપૂર્ણ બની રહી છે. આ વિષય પર જાણીતા ગાયનેકોલોજિસ્ટ, લેપ્રોસ્કોપિક સર્જન અને ઇન્ફર્ટિલિટી નિષ્ણાત ડૉ. સુરેશ પટેલ તેમજ વિશ્વવિખ્યાત ક્લિનિશિયન-ન્યુરોસાયન્ટિસ્ટ અને વૈજ્ઞાનિક ડૉ. વિશાલ ચાવડા સાથે સંપાદકે વિસ્તૃત ચર્ચા કરી.

**પ્રશ્ન 1: કાયાત્મક ચિકિત્સા (Functional Medicine) શું છે? તેનો મૂળ અભિગમ શું છે?**

ડૉ. સુરેશ પટેલ:કાયાત્મક ચિકિત્સા એ એક વૈજ્ઞાનિક અને સમ અભિગમ ધરાવતી સારવાર પદ્ધતિ છે જેમાં માત્ર રોગના લક્ષણોને દબાવવા અથવા નિયંત્રિત કરવા કરતાં રોગના મૂળ કારણોને શોધવાનો પ્રયાસ કરવામાં આવે છે. પરંપરાગત ચિકિત્સામાં સામાન્ય રીતે રોગની ઓળખ અને તેના આધારે દવાઓ આપવામાં આવે છે, જ્યારે કાયાત્મક ચિકિત્સામાં પ્રશ્ન પૂછવામાં આવે છે "આ રોગ કેમ થયો?"માનવ શરીર પાચન તંત્ર, નર્વસ સિસ્ટમ, હોર્મોનલ સિસ્ટમ, ઇમ્યુન સિસ્ટમ અને મેટાબોલિક સિસ્ટમ જેવા અનેક પરસ્પર જોડાયેલા તંત્રોથી બનેલું છે.

જ્યારે આ તંત્રો વચ્ચેનું સંતુલન બગડે છે ત્યારે વિવિધ પ્રકારના રોગો વિકસે છે. કાયાત્મક ચિકિત્સા આ અસંતુલનને ઓળખીને જીવનશૈલી, પોષણ, હોર્મોનલ સંતુલન અને વૈજ્ઞાનિક સારવારના સંયોજન દ્વારા તેને સુધારવાનો પ્રયત્ન કરે છે.

**પ્રશ્ન 2: આધુનિક જીવનશૈલીમાં કાયાત્મક ચિકિત્સાની જરૂરિયાત કેમ વધી રહી છે?**

ડૉ. વિશાલ ચાવડા:આજની જીવનશૈલીમાં ઘણા પરિબળો આરોગ્યને અસર કરે છે. પ્રોસેસ્ડ ફૂડ, પોષણની અછત, ઊંઘની કમી, માનસિક તણાવ, પ્રદૂષણ અને બેઠાડુ જીવનશૈલી શરીર પર લાંબા ગાળે પ્રતિકૂળ અસર કરે છે.આ પરિબળોના કારણે શરીરમાં ધીમે ધીમે ક્રોનિક ઇન્ફ્લેમેશન, હોર્મોનલ અસંતુલન અને મેટાબોલિક ડિસ્ટર્બન્સ ઊભા થાય છે.

લાંબા ગાળે આ અસંતુલન ડાયાબિટીસ, ઓબેસિટી, થાઇરોઇડ ડિસઓર્ડર, ડિપ્રેશન તથા ન્યુરોલોજિકલ રોગો જેવા ક્રોનિક રોગોનું કારણ બની શકે છે.કાયાત્મક ચિકિત્સાનો મુખ્ય હેતુ માત્ર દવાઓ દ્વારા રોગને દબાવવાનો નથી, પરંતુ શરીરમાં રહેલા મૂળ અસંતુલનને ઓળખીને તેને સુધારવાનો છે.

**પ્રશ્ન 3: પોષણ (Nutrition) અને આરોગ્ય વચ્ચેનો સંબંધ કેટલો મહત્વનો છે?**

ડૉ. વિશાલ ચાવડા:આજના સમયમાં ઘણીવાર લોકો પૂરતો ખોરાક લેતા હોવા છતાં શરીરમાં પોષક તત્વોની અછત જોવા મળે છે. તેને "હિડન ન્યુટ્રિશનલ ડિફિશિયન્સી" કહેવાય છે.વિટામિન D, વિટામિન B12, આયર્ન, મેગ્નેશિયમ અને ઓમેગા-3 જેવા મહત્વપૂર્ણ પોષક તત્વોની અછત ખૂબ સામાન્ય બની ગઈ છે.

આ તત્વોની અછતના કારણે સતત થાક, સ્મૃતિમાં ઘટાડો, નર્વસ સિસ્ટમની સમસ્યાઓ,

## તંત્રી સાથેની વાતચીત




**કાયાત્મક ચિકિત્સા અને વ્યકિતગત ચિકિત્સા**

**આધુનિક આરોગ્યવિજ્ઞાન**

હોર્મોનલ અસંતુલન, માઇગ્રેન, ડિપ્રેશન તથા ઇમ્યુન સિસ્ટમની નબળાઈ જેવી સમસ્યાઓ ઊભી થઈ શકે છે.કાયાત્મક ચિકિત્સામાં દર્દીના પોષણ સ્તરનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરીને યોગ્ય આહાર અને પોષણ આધારિત સારવાર આપવામાં આવે છે.

**પ્રશ્ન 4: Root Cause Analysisનો અર્થ શું છે અને તે કેમ મહત્વપૂર્ણ છે?**

ડૉ. વિશાલ ચાવડા:કાયાત્મક ચિકિત્સાનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે Root Cause Analysis, એટલે કે રોગના મૂળ કારણની શોધ. ઘણી વખત દર્દીને દેખાતું લક્ષણ માત્ર ઉપરથી દેખાતું પરિણામ હોય છે, જ્યારે મૂળ સમસ્યા શરીરના અન્ય તંત્રમાં હોઈ શકે છે.ઉદાહરણ તરીકે માઇગ્રેન માત્ર માથાનો દુખાવો નથી.

તે મેગ્નેશિયમની અછત, હોર્મોનલ ફેરફાર, પાચનતંત્રની સમસ્યા, ફૂડ ઇન્ટોલરન્સ અથવા લાંબા ગાળાના તણાવના કારણે પણ થઈ શકે છે. જો માત્ર પેઇનકિલર આપીને લક્ષણને દબાવવામાં આવે તો થોડા સમય માટે રાહત મળે, પરંતુ મૂળ કારણ યથાવત રહે છે.Root Cause Analysis દ્વારા મૂળ સમસ્યા ઓળખી તેને સુધારવાથી લાંબા ગાળે આરોગ્યમાં નોંધપાત્ર સુધારો શક્ય બને છે.

**પ્રશ્ન 5: વ્યક્તિગત ચિકિત્સા (Personalised Medicine) શું છે?**

ડૉ. સુરેશ પટેલ:વ્યક્તિગત ચિકિત્સાનો અર્થ છે કે દરેક દર્દીને તેની વ્યક્તિગત શારીરિક અને જૈવિક વિશેષતાઓને ધ્યાનમાં રાખીને સારવાર આપવામાં આવે. બે દર્દીઓને એક જ રોગ હોવા છતાં તેમના કારણો, જીવનશૈલી, જિનેટિક રચના અને શરીરની પ્રતિક્રિયા અલગ હોઈ શકે છે.

આ અભિગમમાં દર્દીની જૈવિક રચના, જીવનશૈલી, આહાર, પોષણની સ્થિતિ, હોર્મોનલ સંતુલન અને માનસિક આરોગ્યને ધ્યાનમાં રાખીને વ્યક્તિગત સારવાર યોજના બનાવવામાં આવે છે. આથી સારવાર વધુ અસરકારક બને છે અને લાંબા ગાળે આરોગ્યમાં સુધારો થાય છે.

**પ્રશ્ન 6: ક્રોનિક અને ન્યુરોલોજિકલ રોગોમાં આ અભિગમ કેટલો ઉપયોગી છે?**

ડૉ. વિશાલ ચાવડા:ક્રોનિક અને ન્યુરોલોજિકલ રોગોમાં કાયાત્મક અને વ્યક્તિગત ચિકિત્સાનો અભિગમ ખૂબ ઉપયોગી સાબિત થઈ રહ્યો છે. માઇગ્રેન, નર્વ પેઇન, સ્મૃતિ સંબંધિત સમસ્યાઓ તથા અન્ય ન્યુરોલોજિકલ રોગોમાં પોષણ, ગટ હેલ્થ અને નર્વસ સિસ્ટમનું સંતુલન મહત્વપૂર્ણ છે.માનસિક આરોગ્યમાં ડિપ્રેશન, એન્ઝાયટી અને "બ્રેન ફોગ" જેવી સમસ્યાઓમાં પણ પોષણ, હોર્મોનલ સંતુલન અને તણાવ વ્યવસ્થાપન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ગાયનેકોલોજી ક્ષેત્રમાં PCOS, હોર્મોનલ અસંતુલન અને ઇન્ફર્ટિલિટી જેવી સમસ્યાઓમાં જીવનશૈલી અને પોષણ આધારિત અભિગમ ખૂબ અસરકારક બની શકે છે.

**પ્રશ્ન 7: ભારતમાં વ્યક્તિગત અને કાયાત્મક ચિકિત્સાનું ભવિષ્ય તમે કેવી રીતે જુઓ છો?**

ડૉ. સુરેશ પટેલ:

ભારતમાં આરોગ્યક્ષેત્ર ઝડપથી વિકસતું જઈ રહ્યું છે. આધુનિક ડાયગ્નોસ્ટિક ટેકનોલોજી, લેબોરેટરી વિશ્લેષણ અને વૈજ્ઞાનિક સંશોધનના કારણે વ્યક્તિગત ચિકિત્સા માટે વિશાળ સંભાવનાઓ છે.

ડૉ. વિશાલ ચાવડા:

ભારત પાસે વિશાળ અને વિવિધ જનસંખ્યા છે, જે વૈજ્ઞાનિક સંશોધન માટે ખૂબ મહત્વપૂર્ણ છે. યોગ્ય સંશોધન, ટેકનોલોજી અને વૈજ્ઞાનિક અભિગમ સાથે ભારત ભવિષ્યમાં વ્યક્તિગત આરોગ્યવિજ્ઞાનના ક્ષેત્રમાં વૈશ્વિક નેતૃત્વ આપી શકે છે.

**સમાપન વિચાર**

ડૉ. સુરેશ પટેલ અને ડૉ. વિશાલ ચાવડાના મતે ભવિષ્યનું આરોગ્યવિજ્ઞાન વધુ વ્યક્તિગત, વૈજ્ઞાનિક અને સમન્વિત (integrative) બનશે. કાયાત્મક અને વ્યક્તિગત ચિકિત્સા શરીરને એક સમગ્ર પ્રણાલી તરીકે સમજવાનો પ્રયત્ન કરે છે અને માત્ર રોગ દૂર કરવાનો નહીં પરંતુ લાંબા ગાળાનું આરોગ્ય જાળવવાનો પ્રયત્ન કરે છે.

યોગ્ય જીવનશૈલી, સંતુલિત આહાર, વૈજ્ઞાનિક તપાસ અને આધુનિક સંશોધનના સંકલન દ્વારા સમાજને વધુ સ્વસ્થ અને સક્રિય જીવન તરફ આગળ વધારવું શક્ય બની શકે છે.

# સાવરકુંડલાના સેવાભાવી યુવાન સંજયભાઈ ચોટલીયાએ અબોલ જીવને આપ્યું જીવતદાન

## બિનઝેરી બ્રોન્ઝબેક ટ્રી સ્નેક (તાંબડ)નું કુશળતાપૂર્વક રેસ્ક્યુ

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલાના જાણીતા સેવાકીય કેન્દ્ર લાલધામ આશ્રમમાં એક સાપ જોવા મળતા આશ્રમમાં હાજર લોકોમાં થોડી ગભરામણ ફેલાઈ હતી. જોકે, જીવદયા પ્રેમી અને સાપ રેસ્ક્યુમાં નિષ્ણાત સંજયભાઈ ચોટલીયાને તાત્કાલિક જાણ કરતાં તેઓ ઘટનાસ્થળે ત્વરિત પહોંચી ગયા હતા.સંજયભાઈએ અત્યંત કુશળતા અને સાવધાનીપૂર્વક સાપને પકડી લીધો અને તેને સુરક્ષિત રીતે નજીકના જંગલ વિસ્તારમાં મુક્ત કરીને જીવતદાન આપ્યું. આશ્રમના સંચાલકો તથા ભાવિકોએ તેમની આ નિસ્વાર્થ સેવાકાર્યની ભારપૂર્વક પ્રશંસા કરી હતી.

આ ઘટનામાં જોવા મળેલો સાપ બ્રોન્ઝબેક ટ્રી સ્નેક (Bronzeback Tree Snake) છે, જેને ગુજરાતમાં સ્થાનિક ભાષામાં 'તાંબડ' અથવા 'અધેતિયો' તરીકે ઓળખવામાં આવે છે. આ સાપ સંપૂર્ણપણે બિનઝેરી છે અને માનવ માટે સંપૂર્ણપણે હાનિરહિત છે. તેનું શરીર પાતળું-લાંબું, પીઠ પર તાંબાના રંગની ચમક, બંને બાજુ કાળી રેખાઓ અને નીચે આછો પીળો/સફેદ રંગ હોય છે.

આ સાપ ઝાડ-પાન અને ગીચ ઝાડીઓમાં રહેવાનું પસંદ કરે છે, ઝડપથી ચઢે છે અને ડાળીઓ વચ્ચે કૂદકા મારે છે. તે ખૂબ જ ડરપોક સ્વભાવનો છે અને માનવને જોતાં જ ભાગી જવાનો પ્રયત્ન કરે છે. ગભરાટમાં ગળાનો ભાગ ફૂલાવીને વાદળી રંગ દેખાડે છે, જે સંરક્ષણની રીત છે.



આવા બિનઝેરી સાપ ખેતરો અને બગીચાઓમાં ઉંદર તથા જીવાતો પર કુદરતી નિયંત્રણ રાખવામાં મદદરૂપ થાય છે. તેથી તેને મારવાને બદલે સંજયભાઈ ચોટલીયાની જેમ સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરીને છોડી દેવું જોઈએ.

સંજયભાઈ ચોટલીયા અવારનવાર વન્યજીવોના રક્ષણ અને રેસ્ક્યુ માટે સક્રિય રહે છે અને સમાજમાં જીવદયાનો સંદેશ ફેલાવે છે.

# સાવરકુંડલામાં રામ જન્મોત્સવના શ્રીગણેશ ભક્તિમય માહોલમાં સંપન્ન થયું કાર્યાલયનું મંગલ ઉદ્દઘાટન

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા:અયોધ્યાધામમાં નવનિર્મિત ભવ્ય મંદિરમાં બિરાજમાન પ્રભુ શ્રી રામલલ્લાના દિવ્ય આશીર્વાદથી, સાવરકુંડલાની ધર્મપ્રેમી જનતા દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ 'શ્રી રામ જન્મોત્સવ' ની ભક્તિસભર અને ધામધૂમથી ઉજવણી કરવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન મહોત્સવના મંગળ પ્રારંભ રૂપે ગત રાત્રિએ સાવરકુંડલાના હાર્દ સમાન વિસ્તારમાં 'શ્રી રામ જન્મોત્સવ કાર્યાલય'નું શાસ્ત્રોક્ત વિધિ સાથે ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

પોસ્ટ ઓફિસ રોડ સ્થિત કાર્યાલય ખાતે આયોજિત આ કાર્યક્રમમાં શ્રી સત્યનારાયણ ભગવાનની પવિત્ર કથાનું રસપાન કરાવવામાં આવ્યું હતું. મંત્રોચ્ચાર અને ભક્તિમય વાતાવરણમાં કાર્યાલયને કાર્યરત કરવામાં આવ્યું ત્યારે ઉપસ્થિત રામભક્તોના 'જય શ્રી રામ'ના ગગનભેદી નાદથી સમગ્ર પરિસર ગુંજી ઉઠ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે સાવરકુંડલાની જનતાએ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રભુનો પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.શ્રી રામ જન્મોત્સવ સમિતિ - સાવરકુંડલા દ્વારા આગામી મુખ્ય મહોત્સવની જાહેરાત કરવામાં આવી છે કે તારીખ ૨૬/૦૩/૨૦૨૬, સનાતન આશ્રમે થી. દર વર્ષની જેમ આ વર્ષે પણ સનાતન આશ્રમથી મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામની એક વિશાળ અને નયનરમ્ય શોભાયાત્રા પ્રસ્થાન કરશે. આ યાત્રામાં વિવિધ શણગારેલા રથો, ધર્મધજાઓ અને ભજન મંડળીઓ આકર્ષણનું કેન્દ્ર રહેશે, જે સાવરકુંડલાના મુખ્ય રાજમાર્ગો પર ભ્રમણ કરી ભક્તિનો રંગ રેલશે.

શ્રી રામ જન્મોત્સવ સમિતિ દ્વારા સાવરકુંડલાના સમસ્ત સનાતની ધર્મપ્રેમી ભાઈ-બહેનોને આગ્રહભરી વિનંતી કરવામાં આવી છે કે, આગામી ૨૬ તારીખે યોજાનારી આ ઐતિહાસિક શોભાયાત્રામાં સપરિવાર જોડાઈને પ્રભુ ભક્તિના આ મહાકુંભમાં સહભાગી બને. કાર્યાલયના ઉદ્દઘાટન પ્રસંગે ભક્તોમાં જે અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો, તેનાથી એ સ્પષ્ટ છે કે આ વર્ષનો રામ જન્મોત્સવ સાવરકુંડલાના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.



**તા. ૨૬ માર્ચના રોજ સનાતન આશ્રમથી પ્રભુ રામલલ્લાની ભવ્ય શોભાયાત્રા નગરના રાજમાર્ગો પર ગજવશે જયઘોષ**




## અમરેલી જિલ્લાનાં તમામ આંગણવાડી કાર્યકરો-હેલ્પરો તા. ૧૮ થી ૨૦ માર્ચ (દિવસ-૩) સુધી કામથી અળગા રહેશે...

## આંગણવાડી કેન્દ્રોને રહેશે તાળાબંધી !!!

## જિલ્લામાં તા.૨૨ માર્ચ સુધી હથિયારબંધી : પરવાનગી વગર સભા સરઘસ માટે પ્રતિબંધ

અમરેલી તા.૧૨ માર્ચ,૨૦૨૬ (ગુરૂવાર) જિલ્લામાં પવિત્ર રમઝાન માસ અને આગામી તા. ૨૧.૦૩.૨૦૨૬ના રોજ ઈદ પર્વની ઉજવણી થવાની હોઈ કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ કલમ-૩૭ (૧), ૩૭ (૩) અને ૩૩ હેઠળ અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, આ જાહેરનામું તા.૨૨.૦૩.૨૦૨૬ સુધી અમલી રહેશે.

જાહેરનામા મુજબ, જિલ્લામાં શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ કે ઈજા પહોંચાડવામાં ઉપયોગી હોય તેવી ચીજવસ્તુ, નીતિનો ભંગ થતો હોય તેવા કે રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણ આપવા કે ચાળા પાડવા, નકલ કરવી, ચિત્રો, નિશાનીઓ દેખાડવા કે ફેલાવવા નહિ. કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા સહિતની બાબતો પ્રતિબંધિત રહેશે. આ ઉપરાંત વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃત્તિઓ અથવા પૂતળા દેખાડવાની, લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની મનાઈ છે. સભા-સરઘસ હથિયારબંધી રહેશે.

જિલ્લામાં સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી કે પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી-પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે.


# આભાર...

**"સત્તા આવે અને જાય, પણ સંબંધો સદાય અમર રહે છે."**



**સાદર પ્રણામ,**

આજે નગરપાલિકાના સદસ્ય તરીકે ના ૫ વર્ષ નો કાર્યકાળ સફતાપૂર્વક પુર્ણ થયો છે, આ સફળ માત્ર એક જવાબદારી ન હોતી પરંતુ સાવરકુંડલા શહેરની સેવા કરવાનો એક પવિત્ર અવસર હતો.

આ કાર્યકાળ દરમિયાન બીજા ૨.૫ વર્ષ સાવરકુંડલા નગરપાલિકાના ઉપપ્રમુખ તરીકે સેવા કરવાની તક મળી મારા માટે ગૌરવ અને સન્માનનીય વાત રહી આ વિશ્વાસ માટે હું તમામ નાગરિકોનો, સાથી પ્રતિનિધિઓ અને અધિકારી ઓનો દિલથી આભારી છું.... સાથે જ મારી સાથે ખંભે - ખંભો મિલાવી ને રાત-દિવસ જનતા ના કામો માટે દોડનારા મારા ઉત્સાહી કાર્યકર્તા મિત્રોનો પણ હું ઋણી છું, તમારી મહેનત અને સાથ સહકાર વગર આ સફર શક્ય નહોતી...

**આ ૫ વર્ષ દરમિયાન મે મારા વિસ્તારના વિકાસ અને લોકોના પ્રશ્નોનો ઉકેલવા માટે પ્રમાણિક પ્રયાસો કર્યા છે. સાથ સહકાર બદલ સૌનો આભાર...**

આપના વિશ્વાસ, સહકાર અને માર્ગદર્શન વગર વિકાસના કાર્યો શક્ય નહોતા
પદ પર રહું કે ન રહું પણ આપના સુખ-દુખમાં સહભાગી થવાની
મારી પ્રતિબંધતા હમેશા અકબંધ રહેશે...

**આપનો સ્નેહાધીન, પ્રતિકકુમાર નાકરાણી** (ઉપપ્રમુખ નગરપાલિકા, સાવરકુંડલા)